૧૫. તા.૨૫/૧૨/૨૦૨૨, રવિવાર, ઈતિહાસ વિભાગ અને સપ્તધારા અન્વયે જ્ઞાનધારા અંતર્ગત સ્વ.શ્રી અટલબિહારી વાજયેયીજીના જન્મ દિવસ નિમિત્તે નિબંધલેખન ક્રાયક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં    વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

૧૬. તા.૦૯/૦૧/૨૦૨૩ થી તા.૧૫/૦૧/૨૦૨૩ સુધી ઈતિહાસ વિભાગ અને સપ્તધારા અતર્ગત જ્ઞાનધારા અન્વયે “સ્વામી વિવેકાનંદ” ૧૬૦મી જન્મ જયંતિ નિમિત્તે ઓનલાઇન ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

૧૭. તા.૧૨/૦૧/૨૦૨૩ને ગુરૂવારના રોજ ઈતિહાસ વિભાગ અંતર્ગત વકતૃત્વ, નિબંધ અને પુષ્પાંજલી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્સાહથી વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતાં.

૧૮. તા.૨૩/૦૧/૨૦૨૩, સોમવારનાં રોજ ઈતિહાસ વિભાગ અંતર્ગત સુભાષચંદ્ર બોઝની ૧૨૬મી જન્મ જયંતિ નિમિત્તે નિબંધ લેખન અને વકતૃત્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૧૦/૦૮/૨૦૨૨ને બુધવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ઈતિહાસ વિભાગ અંતર્ગત નિબંધલેખન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૪ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા.



 

"આઝાદી કા અમૃત મહોત્સવ" વિષય સંદર્ભે નિબંધલેખન કરતા કોલેજના વિદ્યાર્થીઓ

તા.૧૨/૦૮/૨૦૨૨ને શુક્રવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ઈતિહાસ વિભાગ અંતર્ગત ચિત્ર અને રંગોલી ક્રાયક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

 

 

દેશ ભક્તોની રંગોલી નિહાળતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ અને વિદ્યાર્થીઓ

તા.૧૨/૦૮/૨૦૨૨ને શુક્રવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ઈતિહાસ વિભાગ અંતર્ગત ચિત્ર કાયક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું








| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વર્ગ | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧ | પટેલ પિયુષભાઈ હસમુખભાઈ | S.Y.B.A. | ૭૨૦૨૮૦૧૨૦૨ |
| ૨ | પટેલ ચિંતનભાઈ હસમુખભાઈ | S.Y.B.A. | ૮૧૬૦૪૨૭૭૦૨ |
| ૩ | પટેલ મિલી યોગેશભાઈ | F.Y.B.A. | ૯૮૭૯૪૩૮૫૪૦ |
| ૪ | પટેલ મિતાલીબેન જગદીશભાઈ | F.Y.B.A. | ૯૭૧૨૬૨૧૪૩૫ |
| ૫ | પટેલ તૃપ્તિ જયસુખભાઈ | F.Y.BSC | ૯૩૧૬૩૯૭૫૨૨ |

તા.૧૩/૦૮/૨૦૨૨ને શનિવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ઈતિહાસ વિભાગ વકતૃત્વ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો.








| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વર્ગ | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧ | પટેલ પ્રિતીકુમારીરાજેશભાઇ | S.Y.B.A. | ૯૧૦૬૩૯૫૩૮૭ |
| ૨ | પટેલ આયુષી રાજેશભાઇ | S.Y.B.A. | ૭૪૩૩૦૩૬૨૧૯ |
| 3 | આહિર દિક્ષીતાબેન શૈલેષભાઈ | S.Y.B.A. | ૭૬૨૪૦૩૦૭૪૦ |
| ૪ | પટેલ દેવાંગ પ્રદીપભાઈ | S.Y.B.A. | ૭૬૨૧૮૫૧૦૩૩ |
| ૫ | પટેલ પિયુષભાઈ હસમુખભાઈ | S.Y.B.A. | ૭૨૦૨૮૦૧૨૦૨ |
| ૬ | પટેલ ચિંતનભાઈ હસમુખભાઈ | S.Y.B.A. | ૮૧૬૦૪૩૭૭૦૨ |
| ૭ | પટેલ રાહુલભાઈ મુકેશભાઈ | S.Y.B.A. | ૭૨૮૩૯૩૯૬૮૨ |
| ૮ | પટેલ વિરેનભાઈ શૈલેષભાઈ | S.Y.B.A. | ૯૯૨૪૪૭૧૮૮૩ |
| ૯ | પટેલ જિગરભાઈ ચંપકભાઈ | S.Y.B.A. | ૮૨૦૦૫૧૮૨૭૨ |
| ૧૦ | પટેલ નેહાકુમારી અરવિંદભાઈ | T.Y.B.A. | ૮૪૬૯૪૯૮૩૨૯ |

તા.૧૭/૦૮/૨૦૨૨ને બુધવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે
ઈતિહાસ વિભાગ અંતર્ગત સૂત્રલેખન કાર્યક્રમ








સૂત્રલેખન કરતા વિદ્યાર્થીઓ અને તેમને નિહાળતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબ

તા.૧૮/૦૮/૨૦૨૨ને ગુરૂવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિતે ઈતિહાસ વિભાગ અંતર્ગત વકતૃત્વ કાર્યક્રમ








વકતૃત્વ કાર્યક્રમમાં પ્રસંગોચિત ઉદબોધન આપતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબ અને ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને અધ્યાપકગણ

તા.૨૨/૮/૨૦૨૨ને સોમવારના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ઈતિહાસ વિભાગ અંતર્ગત PPT કાયક્રમ






PPT કાયક્રમ નિહાળતા વિદ્યાર્થીઓ અને પ્રા.ડૉ.નીમુબેન એસ.ચૌધરી, પ્રા.ડૉ.કમળાબેન યુ.વાઢેળ અને પ્રા.પ્રફુલ્લાબેન એમ.પટેલ

તા.૨૯/૦૮/૨૦૨૨ને સોમવારના રોજ વર્તમાન પત્રો માહિતી શોધ માટે ગ્રંથાલયની રૂબરૂ મુલાકાત લેતા S.Y.B.A.સેમેસ્ટર:3 નાં વિદ્યાર્થીઓ






વર્તમાન પત્રોમાંથી માહિતી શોધ કરતા S.Y.B.A.ઇતિહાસના વિદ્યાર્થીઓ અને
પ્રા.ડૉ.નીમુબેન એસ.ચૌધરી

તા.૦૧/૦૯/૨૦૨૨ને ગુરૂવારના રોજ વર્તમાન પત્રો, મેગેઝીન, માહિતી શોધ માટે ગ્રંથાલયની મુલાકાત F.Y.B.A.સેમેસ્ટર:૧ ઈતિહાસ વિભાગનાં વિદ્યાર્થીઓ અને પ્રા.ડૉ.નીમુબેન ચૌધરી









વર્તમાન પત્રો, મેગેઝીનનું વાંચન કર્યા પછી ગૃપચર્ચા કરતા F.Y.B.A. ઇતિહાસનાં વિદ્યાર્થીઓ

તા.૧૨/૦૧/૨૦૨૩ને ગુરૂવારના રોજ ઈતિહાસ વિભાગ અંતર્ગત યુગપુરુષ સ્વામી વિવેકાનંદની ૧૬૦ જન્મજયંતીની ઉજવણી






વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદનાં જીવનના પ્રેરક પ્રસંગો, શિક્ષણ અંગેના વિચારો, શિકાગો વિશ્વ ધર્મપરિષદ, યુવાનોનાં પ્રેરણાસ્ત્રોત સ્વામી વિવેકાનંદ જેવા વિષયો સબંધે પોતાના વિચારો વ્યક્ત કરતા વિદ્યાર્થીઓ અને પ્રા.ડૉ.નીમુબેન એસ.ચૌધરી, પ્રા.ડૉ.કમળાબેન યુ.વાઢેળ

ता.२३/०१/२०२३, सोमवारनां रोज ईतिहास विभाग अंतर्गत सुभाषचंद्र बोझनी १२६मी  जन्म जयंतिनी उजवणी






સુભાષચંદ્ર બોઝની ૧૨૬મી  જન્મ જયંતિ નિમિત્તે નિબંધ લેખન અને વકતૃત્વ રજૂ કરતા વિદ્યાર્થીઓ

## ૧૦.૨.૬. સમાજશાસ્ત્ર વિભાગનો અહેવાલ શૈ.વર્ષ -૨૦૨૨-૨૦૨૩

ડૉ. જે.એમ. કુરાડા( વિભાગાધ્યક્ષ)

પ્રા. એ.એ.વસાવા

એરીસ્ટૉટલે કહ્યું છે કે, "મનુષ્ય એક સામાજિક પ્રાણી છે."  સમાજ વગર વ્યક્તિ અને વ્યક્તિ વગર સમાજ અપૂર્ણ છે. માનવ અને સમાજ વચ્ચે સતત આંતરક્રિયા ચાલતી રહે છે. એજ માનવ સમાજનાં સામાજિક પાસાઓનો  વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરતુ વિજ્ઞાન એટલે સમાજશાસ્ત્ર. સમાજશાસ્ત્ર એક એવો વિષય છે જે વિદ્યાર્થીઓમાં સમાજને સમજવા ઉપરાંત સામાજિક મૂલ્યો, સેવા, પ્રમાણિકતા,

નિષ્ઠા, વફાદારી, સહિષ્ણુતા, બંધુત્વની ભાવના વગેરે ગુણો આંતરિકરણ કરે છે અને આ રીતે સમાજશાસ્ત્રનો અભ્યાસ વિદ્યાર્થીઓને સાચા નાગરિક બનવા તરફ દોરી જાય છે.

સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ ખાતે 08/08/2022ને સોમવારના રોજ સમાજશાસ્ત્ર વિભાગ આયોજિત તથા કોલેજના આચાર્યશ્રી ડૉ. એસ. એમ.પટેલના માર્ગદર્શન હેઠળ વિધાર્થીઓમાં જ્ઞાનનું સંવર્ધન થાય તથા વિધાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓથી અવગત થાય તે હેતુથી વિશ્વ આદિવાસી દિન નિમિત્તે "આદિવાસીઓ અને આદિવાસી સંસ્કૃતિ" વિષય ઉપર એક ઓનલાઈન ક્વીઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું.

પ્રસ્તુત સ્પર્ધામાં કોલેજના વિનયન પ્રવાહના સમાજશાસ્ત્ર વિષયના ત્રણે વર્ષના વિધાર્થીઓ મળી કુલ 77 વિધાર્થીએ ભાગ લીધો હતો.આ સ્પર્ધામાં પ્રા. અવિનાશભાઈ એ. વસાવા, પ્રા. અમિત વી. પટેલ.,પ્રા. ચીમનભાઈ ચૌધરી દ્વારા વર્ગ સુપરવિઝનનું કાર્ય થયું હતું.



જનનાયક બિરસા મુંડા જન્મ જયંતી નિમિતે તા. ૧૫/૧૧/૨૦૨૩ થી ૧૬/૧૧/૨૦૨૩ ( સોમવાર થી મંગળવાર) ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ આદિવાસી જનનાયક બિરસા મુંડા વિશે પરિચિત થાય તેમજ આદિવાસી નાયકોના યોગદાન વિશે જાણે તે હેતુ સર આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કૉલેજના ૨૭૭ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર સ્પર્ધા સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. જે.એમ કુરાડા અને પ્રા. અવિનાશ એ. વસાવાનાં માર્ગદર્શન હેઠળ આયોજિત કરવામાં આવી હતી.

## ક્ષેત્રકાર્ય અહેવાલ (Project Work)

## "આદિવાસી સમાજ ઉપર સંચાર-માધ્યમોની અસર" એક સમાજશાસ્ત્રીય અભ્યાસ"

૨૦૨૨-૨૩ વર્ષના ટી.વાય.બીએના સેમ-6ના સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ પ્રોજેક્ટ વર્ક

**પૂર્વભૂમિકા :-**

સરકારી વિનયન, વાણિજય અને વિજ્ઞાન કૉલેજ, ખેરગામમમાં ટી.વાય.બીએ સેમ-6 ૨૦૨૨-૨૩માં સમાજશાસ્ત્ર વિષયમાં અભ્યાસ કરતા ૨૫ વિદ્યાર્થીઓએ સમાજશાસ્ત્ર વિષયના પેપર -૨૨ ના ભાગ રૂપે "આદિવાસી સમાજ ઉપર સંચાર-માધ્યમોની અસર" એક સમાજશાસ્ત્રીય અભ્યાસ- વિષય પર સંશોધન કાર્ય કર્યું હતું. સંશોધન કાર્યમાં દરેક વિદ્યાર્થીએ પોતે પસંદ કરેલા ગામના સંદર્ભમાં "આદિવાસી સમાજ ઉપર સંચાર-માધ્યમોની અસર" એક સમાજશાસ્ત્રીય અભ્યાસ કર્યો છે. આ અભ્યાસ ફિલ્ડવર્ક પર આધારિત છે. વિવિધ ગામો પર સંચાર માધ્યમની સામાજિક, શૈક્ષણિક અને રાજકીય અસરને તપાસવામાં આવી છે.

**ક્ષેત્રકાર્યની માહિતી અને સંશોધન અભ્યાસની પદ્ધતિ:-**

આ અભ્યાસ ચિખલી અને ખેરગામ તાલુકાના ભૈરવી, ખેરગામ, રુંજવણી, નડગધરી, પાણીખડક, કાકડવેરી, ડેબરપાડા, રૂમલાગામ, આછવણી, અગાસી, ઢોલુમ્બર, બહેજ, પણજ, માંડવખડક, જામનપાડા, વાડ, ચીમનપાડા અને સિલવાસા તાલુકાના ખાનવેલ વગેરે આદિવાસી વિસ્તારનાગામોને કેન્દ્રમાં રાખી કરવામાં આવેલ છે. અભ્યાસમાં દરેક ગામમાંથી ૨૫ ઉત્તરદાતાઓને બિનયદચ્છ (આકસ્મિક નિદર્શન) પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. માહિતી મેળવવા માટે મુલાકાત, મુલાકાત અનુસુચી અને નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સંચાર માધ્યમોમાં ઇન્ટરનેટ, ટેલીવિજન, કમ્પુટર, મોબાઈલ, રેડિયો, વર્તમાન પત્રો અને સામયિકોનો સમાવેશ કરવમાં આવ્યો છે. આ બધા સંચાર માધ્યમોની આદિવાસી જીવનશૈલી પર કેવી અસરો પડી છે તે તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**VIVA-VOCE**




**(વિદ્યાર્થીનું VIVA લેતા પ્રિ. ડો. કાશીરામ ભોંયે સર)**

**સંશોધનના તારણો :-**

વર્તમાન સમયમાં સંચાર માધ્યમોનો ઉપયોગ સામાન્ય બની ગયો છે. આજનો દરેક સમુદાય સંચાર સમુદાયનો ઉપયોગ કર્યા વગર જીવી શકતો નથી. અહી સંશોધનમાં આદિવાસી સમુદાય પર સંશોધની અસર તપાસવામાં આવી છે. દરેક અભ્યાસના સામાન્ય તારણો નીચે મુજબ છે. ૨૫ વિદ્યાર્થીઓએ કરેલા અભ્યાસના સામાન્ય તારણો નીચે મુજબ છે.

- મુખ્યત્વે દરેક ઉત્તરદાતા સંચાર માધ્યમો સાથે સંકળાયેલો છે. રોજીંદા જીવનની દરેક પ્રવૃતિમાં સંચારના વિવિધ મધ્યોનો ઉપયોગ કરે છે.
- અનુસુચિત જનજાતિના લોકોના જે લોકોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે તેઓ મુખ્યત્વે ઈન્ટરનેટનો ઉપયોગ આજે પણ મનોરંજન માટે કરે છે.
- શિક્ષિત યુવાનો ઇન્ટરનેટનો ઉપયોગ શેક્ષણિક, આર્થિક, અને રમતગમત ક્ષેત્રની માહિતી સંચારના માધ્યમ તરીકે ઉપયોગ કરે છે.
- સંચાર માધ્યમ તરીકે ટીવીનો ઉપયોગ આજે પણ રસપૂર્ણ રહ્યો છે. છતાં મોબાઈલનો ઉપયોગ વર્તમાનમાં ખુબજ વધુ જોવા મળે છે.
- શૈક્ષણિક જાગૃતિ સાથે સંચાર માધ્યમોના ઉપયોગનો હેતુ બદલાયો છે.
- ખેતી ક્ષેત્રે આવેલી આધુનિકતા માટે પણ સંચાર માધ્યમોનો ઉપયોગ જવાબદાર છે.
- યુવાનો અને યુવતીઓ પર રાજનૈતિક, ફિલ્મી, વ્યવસાયિક અને હાસ્ય-વ્યંગ જેવા સામયિકોનોની વધુ અસર પડેલી જોવા મળી છે.
- આધુનિક સમયમાં આજે અનુસુચિત જનજાતિના લોકો માટે સંચાર માધ્યમો અસરકારક બની રહ્યા છે. જેમાં ટીવીની મોટી અસર જોવા મળે છે. ટી.વી. દ્રશ્ય અને શ્રાવ્ય માધ્યમ હોવાથી તે ખુબ જ લોકપ્રિય બન્યું છે અને ટી.વી. પર ચાલતા કાર્યક્રમો દ્વારા તેમના જ્ઞાન માં વધારો છે. પોતાના હક પ્રત્યે જાગૃત બન્યા છે. રાજકીય ક્ષેત્રથી સજાગ બનતાં નેતૃત્વ ધારણ કરવા આગળ આવ્યા છે.
- ટી.વી પ્રસારણ થકી તેમની ઘણી ખોટી માન્યતા તથા અંધ-શ્રદ્ધાઓ દુર થયેલ જોવા મળી છે. બીમાર પડતા ભગત અને ભૂવાના બદલે ડોક્ટર પાસે જતા થયા છે.
- સંચાર માધ્યમો તરીકે સમાચાર પત્રો પણ પ્રભાવશાળી રહ્યું છે. સંચાર માધ્યમોએઆદિવાસીઓને જીવનની આધુનિક રીતો શીખાવાળી છે. શિક્ષણનું મહત્વ શું છે તે સમજાવ્યું છે. આરોગ્ય, શિક્ષણ જીવન જરૂરીયાતની વિવિધ વસ્તુઓ વગેરે વિશે પૂરતી માહિતી આપી છે. બીજી બાજુ સંચાર માધ્યમોએ તેમના ખર્ચાઓ માં પણ વધારો કર્યો છે. સમાચાર પત્રો અને પ્રેસની સુવિધાઓ તેમજ ઈન્ટરનેટ ની સેવાઓએ આંતરિક સંગઠનને મજબુત બનાવી છે. ગ્રામ જનોની સંકુચિત મનોદશા

દુર કરી વિશાલ દ્રષ્ટિનો વિકાસ કરવામાં તેમજ આયોજિત પરિવર્તનની દિશામાં વલણો અને લોકમત નું ઘડતર કરવામાં મહત્વના પરિબળ તરીકે ભાગ ભજવ્યો છે.

**સૂચનો:**

- સંચાર માધ્યમોએ આદિવાસી સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવું જોઈએ, જેથી આદિવાસી સંસ્કૃતિ લુપ્ત ન થઇ જાય તથા મ્યુઝીયમ પુરતી સીમિત ન રહી જાય.
- સમાચાર પત્રમાં સાચી માહિતી આપવી જોઈએ ખોટા આંકડા દાખવવા ન જોઈએ જેથી લોકોનો સમાચાર પત્ર પરથી વિશ્વાસ ન ઉઠી જાય.
- આદિવાસી લોકોને વધુ રસ ઉપજે એવા સામયિકો પ્રકાશિત કરવા જોઈએ.
- ટી.વી ચેનલો માં એક આદિવાસી ચેનલ હોવું જોઈએ.
- સંચાર મધ્યોમો દ્વારા આદિવાસીઓમાં શિક્ષણ વધુ અસરકારક બને તેવા કાર્યક્રમોનું પ્રસારણ કરવું જોઈએ.

આમ પ્રસ્તુત અભ્યાસમાં ખેરગામ તાલુકાના તેમજ સિલવાસાના ખાનવેલના આદિવાસી સમુદાય પર સંચાર માધ્યમોની સામાજિક આર્થિક, શૈક્ષણિક અને રાજકીય અસરને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. અભ્યાસની માહિતી ફિલ્ડ વર્ક પર આધારિત છે. અભ્યાસનું સ્વરૂપ વર્ણનાત્મક છે. સામાજિક રીતે જોઈએ તો આદિવાસી સમુદાયમાં શિક્ષણ, ઔદ્યોગીકિકરણ વગેરેના કારણે ઘણા પરિવર્તનો આવ્યા છે અને આ બધામાં એક મહત્વનું પરિબળ સંચાર માધ્યમોને પણ ગણાવી શકાય. પ્રસ્તુત અભ્યાસ મુજબ આદિવાસી સમુદાય સંચાર માધ્યમોનો ઉપયોગ કરે છે. પરંતુ મોટા ભાગે એક મનોરંજનના સાધન તરીકે એનું મહત્વનું કારણ શિક્ષણનો અભાવ કહી શકાય. આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ બિન-આદિવાસીઓ કરતા આજે પણ ઓછુ જોવા મળ્યું છે. જેના કારણે જાગૃતિનો અભાવ જોવા મળે છે. આમ છતાં શિક્ષિત આદિવાસીમાં સંચાર માધ્યમોએ એક ક્રાંતિકારી પરિવર્તન આણવાનું કામ કર્યું છે. ખેતી કરનાર ખેડૂત સંચાર માધ્યમોના ઉપાયોગથી ખેતીની નવી-નવી પદ્ધતિ જાણે છે અને તેના ઉપયોગ દ્વારા ઉત્પાદનમાં વધારો કરી રહ્યો છે. પોતાના ઉત્પાદનની કિમત જાણી બજારીકરણ તરફ વળ્યો છે. અને સ્વાવલંબી બન્યો છે અને આર્થિક રીતે વિકાસ કરી રહ્યો છે. બીજી બાજુ રાજકીય ક્ષેત્રની માહિતી દ્વારા રાજકારણમાં પણ પોતાનું યોગ્ય યોગદાન આપી રહ્યો છે. આજના શિક્ષિત આદિવાસી યુવક-યુવતીઓ ઈન્ટરનેટના ઉપયોગ દ્વારા શૈક્ષણિક જ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધિઓ પ્રાપ્ત કરી રહ્યા છે. આમ સંચાર માધ્યમોએ આદિવાસી સમાજ પર ઊંડી અસર જન્માવી છે.

## ૧૦.૨.૭. અર્થશાસ્ત્ર વિભાગનો અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩

ડૉ.પ્રિ.સંજયકુમાર એમ. પટેલ
પ્રા.અમિતકુમાર એ.પટેલ
અધ્યક્ષ,અર્થશાસ્ત્ર વિભાગ

ભારત વિશ્વની ઉભરાતી અર્થવ્યવસ્થા પૈકી એક છે.લોકશાહીના મૂલ્યો આધારિત મિશ્ર વ્યવસ્થા ધરાવતો વસ્તીની દ્રષ્ટી એ દ્વીતીય સ્થાન ધરાવતો,મોટું યુવાધન ધરાવનાર વિકાશશીલ દેશ છે.ગતિશીલ અર્થવ્યવસ્થાના સતત બદલાતા આર્થિક પ્રવાહોથી આજનો વિધાર્થી વાકેફ થાય તથા આર્થિક વ્યવસ્થાની કાર્ય પ્રણાલીને સરળતાથી સમજી શકે ઉપરાંત પોતાના વ્યક્તિગત જીવનના મહત્વના આર્થિક નિણયીકરણની પ્રક્રિયામાં યોગ્ય નિર્ણય લઈ શકે તે હેતુથી વિધાર્થીઓને અર્થશાસ્ત્ર વિભાગ તરફથી શિક્ષણ પ્રક્રિયા માટે પ્રેરિત અને માર્ગદર્શિત કરવામાં આવે છે.

અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વિનયન અને વાણિજ્ય શાખામાં અધ્યયન કાર્ય કરવામાં આવે છે. વિનયન શાખામાં મુખ્ય તથા ગૌણ વિષય તરીકે તથા વાણિજ્ય શાખામાં ફરજીયાત વિષય તરીકે અર્થશાસ્ત્રનું શિક્ષણકાર્ય થાય છે.અત્રેની વિધાશાખામાં એક કાયમી તથા બે મુલાકાતી વ્યાખ્યાતાઓ દ્વારા શિક્ષણકાર્ય થાય છે. વિધાર્થીઓમાં વિષય વસ્તુની સ્પષ્ટ સમજ પ્રાપ્ત થાય તથા નવા આર્થિક પ્રવાહોથી વિધાર્થી વાકેફ થાય તે હેતુથી વિભાગ દ્વારા સમયાંતરે વિવિધ પ્રવુતિઓ થાય છે.જે નીચે મુજબ છે.

- તા: ૨૮/૦૭/૨૦૨૨ ના રોજ અર્થશાસ્ત્રના જનક એડમ સ્મિથની પુણ્ય તિથીના અનુસંધાને " એડમ સ્મિથ -અર્થશાસ્ત્રના જનક" વિષય પર એક ઓનલાઈન ક્વીઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું જેમાં અર્થશાસ્ત્રના મુખ્ય અને ગૌણ તથા વાણિજ્ય શાખાના કુલ ૧૧૭ વિધાર્થીઓએ ભાગ લીધો. જે પૈકી પ્રથમ,દ્વીતીય તથા તૃતીય નંબરના કુલ ૫ વિધાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા. દરેક વિજેતા વિધાર્થીઓને એડમ સ્મિથનું પુસ્તક " Wealth of Nations"ની કોપી પ્રોત્સાહક ઈનામ તરીકે એનાયત કરવામાં આવી.
- તા:૦૧/૦૨/૨૦૨૩ના રોજ ભારતના યુનિયન બજેટ રજૂ થતા ખાસ અર્થશાસ્ત્ર વિષયના વિધાર્થીઓ બજેટ વિષયક વાસ્તવિક અનુભવો પ્રાપ્ત કરી શકે તે હેતુથી કુલ ૪૩ વિધાર્થીઓને સંસદ ચેનલના માધ્યમથી સીધા પ્રસારણ દ્વારા બજેટ કાર્યપ્રણાલીથી વાકેફ થયા.
- તા:૧૫/૦૩/૨૦૨૩ રોજ વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ નિમિતે વિધાર્થીઓ પોતાના ગ્રાહક તરીકેના અધિકારોથી પરિચિત થાય. એક જાગૃત ગ્રાહક કેવો હોય તેના અનુસંધાનમાં શ્રી નિતીનભાઈ સ્ટાન્ડર્ડ પ્રમોશન ઓફિસર ભારતીય માનક બ્યૂરો સુરત શાખાથી ઉપસ્થિત રહી પોતાના વ્યાખ્યાન દ્વારા ગ્રાહક અધિકારોથી વિધાર્થીઓને વાકેફ કર્યા હતા.